# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**નડિયાદ શહેરમાં કરવેરામાં કોઈ જ વધારો નહીં, શહેરના કાયાકલ્પ પર ભાર મુકાયો: પીજ રોડથી મનપા કચેરી સુધી 198 કરોડના ખર્ચે ફ્લાય ઓવર બનશે**

# નડિયાદ મનપાનું 932.68 કરોડનું ‘ભવિષ્યલક્ષી’ બજેટ

**ડિજિટલ** લાયબ્રેરી, પિંક ટોઈલેટ અને સ્માર્ટ પાર્કિંગ જેવી અત્યાધુનિક સુવિધાઓથી નડિયાદ ‘સ્માર્ટ’ બનશે

### શહેરી પરિવહન: 32 નવી ઇ-બસ દોડશે



નડિયાદમાં પબ્લિક ટ્રાન્સપોર્ટને વેગ આપવા અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ હેઠળ 5.8 કરોડની જોગવાઈ કરાઈ છે. કેન્દ્ર સરકારની યોજના હેઠળ 32 નવી P.M. E-Bus માટે દરખાસ્ત કરવામાં આવી છે અને બસ સ્ટેન્ડોના અપગ્રેડેશન માટે 5 કરોડ ફાળવાયા છે. નડિયાદ શહેરમાં પાણીના સ્તર જાળવી રાખવા 4.7 કરોડના ખર્ચે ‘કેચ ધ રેઇન’ પ્રોજેક્ટ અમલી બનશે. તમામ સરકારી બિલ્ડીંગો પર 5,000 જેટલા રેઇન વોટર રિચાર્જ પીટ બનાવવામાં આવશે અને તલાટી બાગને ‘સ્પોન્જ ગાર્ડન’ તરીકે વિકસાવવામાં આવશે. પ્રદૂષણ માપવા માટે AQI મોનિટરિંગ સેન્સર પણ લગાવાશે.

(પ્રતિનિધિ) નડિયાદ, તા.19

નડિયાદ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર દ્વારા વર્ષ 2026-27 માટે રૂ. 932.68 કરોડનું દ્વિતીય ડ્રાફ્ટ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટમાં શહેરના મધ્યમ અને ગરીબ વર્ગના નાગરિકોને મોટી રાહત આપતા કરવેરાના દરોમાં કોઈ જ વધારો સૂચવવામાં આવ્યો નથી. ‘વિઝન 2035’ને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલા આ બજેટમાં નડિયાદને આધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ કરી એક સુવિકસિત શહેર બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકા તરીકેના પ્રથમ વર્ષના અનુભવ બાદ રજૂ કરાયેલા આ બજેટમાં કુલ રકમના 50% એટલે કે 465.82 કરોડ માત્ર ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ માટે ફાળવવામાં આવ્યા છે. શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરવા પીજ રોડથી કોર્પોરેશન સુધી 198 કરોડના ખર્ચે ફ્લાય ઓવર બ્રિજ બનાવવાનું આયોજન છે, જેના માટે રેલવેનું NOC પણ મળી ગયું છે. આ ઉપરાંત 25 કરોડના ખર્ચે ગ્રીન રિંગ રોડ અને 15 કરોડના ખર્ચે આઈકોનીક રોડ વિકસાવવામાં આવશે.

નડિયાદને સ્માર્ટ બનાવવા માટે 40 કરોડના ખર્ચે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર સાથેનું નવું મહાનગર સેવા સદન બિલ્ડીંગ બનાવવામાં આવશે.

બીજી તરફ શહેરના વારસાને જાળવવા 13 કરોડની ફાળવણી કરાઈ છે, જેમાં ઐતિહાસિક દરવાજા, વાવ અને સંતરામ ટાવરનું રિનોવેશન હાથ ધરાશે. યુવાનો માટે 2.9 કરોડના ખર્ચે ‘નમો સેન્ટ્રલ ડિજિટલ લાયબ્રેરી’ તૈયાર કરવામાં આવશે.

આ બજેટમાં મહિલાઓ માટે ખાસ ‘પિંક ટોઈલેટ’ અને માત્ર મહિલાઓ માટેનું અલગ વેન્ડિંગ માર્કેટ બનાવવાની જોગવાઈ છે. આરોગ્ય ક્ષેત્રે અર્બન હેલ્થ સેન્ટર્સ માટે 5 કરોડ અને શિક્ષણ ક્ષેત્રે આંગણવાડી-શાળાઓના અપગ્રેડેશન માટે 5 કરોડ ફાળવાયા છે.

નડિયાદ મહાનગરપાલિકાના વિકાસલક્ષી બજેટને પગલે હાલ ફુલ ગુલાબી ચિત્ર દેખાઈ રહ્યું છે. જેના પગલે શહેરીજનોમાં વધુ એક વખત વિકાસની આશા બંધાઈ છે.




**વેન્ડિંગ માર્કેટ: ફેરિયાઓ માટે વ્યવસ્થિત પ્લેટફોર્મ**

નડિયાદ શહેરના ફેરિયાઓ માટે 4.7 કરોડના ખર્ચે CM મોર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ સ્કીમ અમલી બનશે. જેમાં પ્રાકૃતિક ખેતી કરતા ઉત્પાદકો માટે ‘સ્વદેશી મેળા’નું પણ આયોજન કરવામાં આવશે. રાજ્ય સરકારની યોજનાઓ પર વિશેષ ભાર આ બજેટની ખાસિયત એ છે કે મનપા પર આર્થિક ભારણ ન આવે તે રીતે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ લેવાનો પ્રયાસ કરાયો છે. સરકારના નાણાકીય આયોજનમાંથી જ શહેરના મોટા વિકાસ કામો પૂર્ણ કરવાનું લક્ષ્ય છે

## આણંદ કોંગ્રેસનો માસ્ટર પ્લાન, નિરીક્ષકો નિમાયાં

**સ્થાનિક સ્વરાજની** ચૂંટણી માટે 22થી 26મી માર્ચ દરમિયાન ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.19

આણંદ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાની સૂચના અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીના માર્ગદર્શન હેઠળ પક્ષ દ્વારા જીતનો મંત્ર ફૂંકવામાં આવ્યો છે, જેના ભાગરૂપે જિલ્લાની તમામ સ્થાનિક સંસ્થાઓ માટે નિરીક્ષકોની મહત્વની નિમણૂકો કરવામાં આવી છે.

આણંદ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકા માટે પ્રદેશ કક્ષાના નિરીક્ષકોની સાથે જિલ્લાના નિરીક્ષકોની પણ નિમણૂક કરી દેવામાં આવી છે. આ નિરીક્ષકો આગામી દિવસોમાં પાયાના સ્તરે જઈને યોગ્ય ઉમેદવારોની શોધ કરશે.

આ ચૂંટણી પ્રક્રિયાના આયોજન મુજબ 22મી માર્ચથી 26મી માર્ચ દરમિયાન દરેક તાલુકા મથકે ઉમેદવાર પસંદગી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન નિરીક્ષકો દ્વારા સ્થાનિક આગેવાનો અને ટિકિટના દાવેદારોને સાંભળવામાં આવશે, જેથી કરીને પક્ષમાં સક્ષમ અને લોકપ્રિય ચહેરાઓને સ્થાન આપી શકાય.

**ચરોતરમાં કાપણી કરેલા ઘઉં-તમાકુના પાકને વ્યાપક નુકસાનની ભીતિથી ખેડૂતો ચિંતિત**

## ચરોતરમાં પવન સાથે ધૂળની ડમરી ઉડ્યા બાદ કમોસમી વરસાદ થયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.19

નડિયાદ સહિત સમગ્ર ખેડા જિલ્લામાં ગુરુવારે વાતાવરણમાં આવેલા અચાનક પલટા બાદ તેજ ગતિએ પવન ફૂંકાયો હતો અને ત્યારબાદ કમોસમી વરસાદ ખાબકતા તૈયાર રવિ પાકને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

આણંદમાં સાંજના સુમારે અચાનક વાતાવરણ પલટાયું હતું અને ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ભારે પવનના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ઝાડ ધરાશાયી થવાના બનાવો બન્યા છે, જ્યારે વલ્લભ વિદ્યાનગર જેવા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.



ચરોતરમાં સવારથી જ આકાશ વાદળછાયું બન્યું હતું. બપોર બાદ અચાનક પવનની ગતિમાં વધારો થયો હતો અને જોતજોતામાં વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. પવન એટલો પ્રચંડ હતો કે અનેક વિસ્તારોમાં વીજ લાઈનો પર ઝાડની ડાળીઓ પડવાને કારણે વીજ પ્રવાહ ખોરવાઈ ગયો હતો. સાંજ પડતાની સાથે જ પવન સાથે વરસાદી ઝાપટાં શરૂ થતા વાતાવરણમાં ઠંડક તો પ્રસરી હતી, પરંતુ ખેડૂતો માટે આ આફત બનીને આવ્યો હતો. ખેતીવાડીના નુકસાનની વાત કરીએ તો હાલ ખેતરોમાં રવિ પાકની સીઝન અંતિમ તબક્કામાં છે. ખેડૂતોએ ઘઉંની કાપણી કરી લીધી છે અને અનેક જગ્યાએ ઘઉંના પુળા ખેતરમાં જ પડ્યા છે.

## આણંદમાં બાકી વેરો ન ભરતા 13 મકાનને સીલ મારી દેવાયાં

**અન્ય મિલકત** ધારકો પાસેથી 3 લાખ ઉપરાંતના બાકી વેરાની વસૂલાત કરાઈ



(પ્રતિનિધિ) આણંદ તા.19

આણંદ-કરમસદ મનપાના કમિશનરની સૂચના અને માર્ગદર્શન હેઠળ ટેક્સ વિભાગ દ્વારા બાકી વેરો વસૂલવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરનારા મિલકત ધારકો સામે લાલ આંખ કરી, બાકરોલ વિસ્તારમાં 13 મકાનો સીલ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવી છે.

આણંદ-કરમસદ મનપાની ટેક્સ વિભાગની રિકવરી ટીમ દ્વારા આજે બાકરોલ વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જે સોસાયટીઓમાં મકાનો લાંબા સમયથી બંધ હાલતમાં છે અને મકાન માલિકો દ્વારા વેરો ભરવામાં આવતો નથી, તેવા મિલકત ધારકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. જે મકાન માલિકો પાસેથી કુલ 2,35,988નો વેરો વસૂલ કરવાનો બાકી હતો, તે ભરપાઈ ન થતા ટીમે 13 મકાનો સીલ કર્યા છે. આ ઉપરાંત, ટીમે અન્ય મિલકત ધારકો પાસેથી સ્થળ પર જ 3,02,002ના બાકી વેરાની રોકડમાં વસૂલાત કરી છે.

## આણંદમાં સગીરાને બળજબરીથી એસિડ પીવડાવતા દસ વર્ષની કેદ

**છેડતીનો વિરોધ** કરવા જતાં ઉશ્કેરાયેલા યુવકે 16 વર્ષની સગીરા પર ગુજાર્યો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.19

આણંદની સેશન્સ અને પોક્સો કોર્ટે એક ગંભીર ગુનામાં સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા, 10માં ધોરણની વિદ્યાર્થિનીને બળજબરીથી એસિડ પીવડાવનાર આરોપી અજય ઉર્ફે જાડિયા નાયકને 10 વર્ષની સખત કેદ અને કુલ રૂપિયા 51 હજારનો દંડ ફટકાર્યો છે. છેડતીનો વિરોધ કરનાર પરિવાર સામે ઉશ્કેરાઈને યુવકે આ ઘાતકી કૃત્ય આચર્યું હતું.

આણંદ શહેરના 100 ફૂટ રોડ પર આવેલી બાપા સીતારામ સોસાયટીમાં રહેતો 19 વર્ષીય અજય ઉર્ફે જાડિયો છગનભાઈ નાયક, પાડોશમાં રહેતી અને ધોરણ 10માં અભ્યાસ કરતી 16 વર્ષની સગીરાને છેલ્લા કેટલાક સમયથી હેરાન કરતો હતો. આ બાબતે વિદ્યાર્થિનીની માતાએ યુવકને ઠપકો આપી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેનાથી ઉશ્કેરાઈને અજયે પોતાની પાસે રાખેલું એસિડ જેવું પ્રવાહી સગીરાને બળજબરીથી પીવડાવી દીધું હતું, જેના કારણે તેને ગળાના અંદરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

**ઈપીકો કલમ 326 હેઠળ:** 10 વર્ષની સખત કેદ અને રૂ. 50 હજારનો દંડ (દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદ).

**પોક્સો એક્ટ કલમ 12 હેઠળ:** એક વર્ષની સખત કેદ અને રૂ. એક હજારનો દંડ (દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદ).

આ કેસમાં આણંદ શહેર પોલીસે પુરાવા એકઠા કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. સરકારી વકીલની ધારદાર દલીલો અને 12 મૌખિક તથા 13 દસ્તાવેજી પુરાવાઓને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને કસુરવાર ઠેરવ્યો હતો. આમ, નરાધમ યુવકને તેના કૃત્ય બદલ આકરી સજા ફટકારી કોર્ટે સમાજમાં દાખલો બેસાડ્યો છે.

## સુંદલપુરામાં દબાણ હટાવવામાં વ્હાલા-દવલાની નીતિનો આક્ષેપ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.19

ઉમરેઠ તાલુકાના સુંદલપુરા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલી દબાણ હટાવવાની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

સુંદલપુરા ગામના મુખ્ય ચોકમાં ઈલેક્ટ્રિક ડીપી પાસે ચારથી પાંચ કાચા દબાણો કરીને દુકાનો ચલાવવામાં આવી રહી છે. આ તમામ દુકાનો પૈકી માત્ર ‘ઓલ્ડ ગાયત્રી પ્રોવિઝન સ્ટોર’ના માલિક નયનભાઈ પટેલને જ સુંદલપુરા ગ્રામ પંચાયત દ્વારા એક પછી એક ચાર નોટિસો ફટકારવામાં આવી હતી. આખરે પોલીસ બંદોબસ્ત સાથે પંચાયત દ્વારા માત્ર નયનભાઈની જ દુકાન તોડી પાડવામાં આવતા વિવાદ સર્જાયો છે.

આ અંગે દુકાન માલિક નયનભાઈ પટેલે આક્ષેપ કર્યો છે કે તેમની દુકાનની બાજુમાં જ અન્ય ચાર જેટલી દુકાનો હોવા છતાં તંત્ર દ્વારા માત્ર તેમને જ નિશાન બનાવવામાં આવ્યા છે, જે સરપંચની ‘વ્હાલા-દવલા’ની નીતિ સ્પષ્ટ કરે છે. તેમણે તંત્ર સમક્ષ માંગ કરી છે કે જો તેમની દુકાન તોડવામાં આવી હોય તો ગામમાં થયેલા અન્ય અઢળક ગેરકાયદેસર દબાણો પણ સત્વરે દૂર કરવા જોઈએ.

વધુમાં, નયનભાઈએ ચીમકી ઉચ્ચારી છે કે જો ન્યાય આપવામાં નહીં આવે, તો તેઓ પરિવાર સાથે આંદોલન પર ઉતરશે. આ ઘટનાને પગલે ગામમાં ચર્ચા જાગી છે કે શું ખરેખર પંચાયત દ્વારા કોઈ અંગત અદાવત કે ઈરાદાપૂર્વક કોઈ એક જ વ્યક્તિને ટાર્ગેટ કરવામાં આવી રહી છે?

### મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા ગુડી પડવાની ભક્તિભેર ઉજવણી



ચૈત્ર સુદ એકમ એટલે કે મહારાષ્ટ્રીયન સમાજના નૂતન વર્ષ નિમિત્તે નડિયાદના રામતલાવડી વિસ્તારમાં મહિલાઓ દ્વારા પરંપરાગત રીતે ગુડી પૂજન કરવામાં આવ્યું હતું. ભગવાન રામના રાવણ પર વિજય બાદ અયોધ્યા આગમનની સ્મૃતિમાં રેશમી વસ્ત્ર, લીમડાના પાન અને કળશ સાથેની વિજયધ્વજ સમાન ‘ગુડી’ લહેરાવી પૂજા કરાઈ હતી. આ ગુડીને સૌભાગ્ય અને વિજયનું પ્રતીક માનીને તેની આસ્થાપૂર્વક પૂજા કરવામાં આવી હતી, જે ઘરે-ઘરે મંગલમય વાતાવરણ ઉભું કરે છે. સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે તેવી પ્રાર્થના સાથે શ્રદ્ધાળુઓએ હર્ષોલ્લાસ પૂર્વક આ પર્વની ઉજવણી કરી હતી.

**તસવીર : જશવંતસિંહ રાઠોડ**

## ઠાસરાની રસુલપુર દૂધ મંડળીમાં 4 .35 લાખની ઉચાપત

**મંત્રીને બચાવવા** પ્રયાસ કરનાર કમિટી સભ્યો સામે પણ ગુનો દાખલ

(પ્રતિનિધિ) ઠાસરા તા.19

ઠાસરા તાલુકાની રસુલપુર (ઠા) દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં થયેલી લાખો રૂપિયાની ઉચાપતનો મામલો ગરમાયો છે. મંડળીના માજી મંત્રીએ કરેલી રૂ. 4.35 લાખની નાણાકીય ગેરરીતિ ઓડિટમાં બહાર આવતા, જિલ્લા રજીસ્ટ્રારના આદેશથી સેક્રેટરી, ચેરમેન અને કમિટી સભ્યો સહિત કુલ 12 વ્યક્તિઓ વિરુદ્ધ ઠાસરા પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રસુલપુર દૂધ મંડળીનું વર્ષ 2023થી 2025ના સમયગાળાનું ઓડિટ કરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન જણાયું હતું કે તત્કાલીન મંત્રી ભીખાભાઈ ઈશ્વરભાઈ પટેલે મંડળીના નાણાંનો અંગત ઉપયોગ કર્યો હતો. ઓડિટ અહેવાલ મુજબ, તેમણે રૂ. એક લાખની હંગામી અને રૂ.3,35,449.29ની કાયમી ઉચાપત કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

આ ઉચાપત સાબિત થયા બાદ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા મંડળીના ચેરમેન અને વ્યવસ્થાપક કમિટીને મંત્રી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અવારનવાર સૂચના આપવામાં આવી હતી. તેમ છતાં, કમિટી સભ્યોએ મંત્રી સામે કોઈ પગલાં ન ભરીને ગુનામાં મદદગારી અને મેળાપીપણું કર્યું હોવાનું જણાતા, અંતે સહકારી વિભાગના મદદનીશ અધિકારી દ્વારા તમામ 12 જવાબદારો વિરુદ્ધ ઠાસરા પોલીસ મથકે ગુનો નોંધાવવામાં આવ્યો છે.

### કોની કોની સામે ગુનો નોંધાયો ?

ભીખાભાઇ ઇશ્વરભાઇ પટેલ (સેક્રેટરી), જીગ્નેશભાઇ ઇશ્વરભાઇ પટેલ (ચેરમેન), સુરેશભાઇ અંબાલાલ પટેલ (વાઇસ ચેરમેન), અંકિતભાઇ રાવજીભાઇ પટેલ (સભ્ય), પ્રકાશભાઇ ગોવિંદભાઇ પટેલ (સભ્ય), વિનોદભાઇ મણીભાઇ પટેલ (સભ્ય), અસ્મીતાબેન અશોકભાઇ પટેલ (સભ્ય), સંજયભાઇ છત્રસિંહ ચાવડા (સભ્ય), મહેશભાઈ મણીભાઈ ખ્રિસ્તી (સભ્ય), પ્રભાતભાઈ મંગળભાઇ ચાવડા (સભ્ય), મહેશભાઈ ઈશ્વરભાઈ પરમાર (સભ્ય), બાબુભાઇ અંબાલાલ ચાવડા (સભ્ય).

આણંદ - ખેડા જિલ્લામાં ખેતી બાદ પશુપાલનનો વ્યવસાય મુખ્ય છે. પશુપાલકો દિવસભર મહેનત કરી સવારે અને સાંજ દૂધ મંડળીમાં જમા કરાવે છે. પરંતુ કેટલીક દૂધ મંડળીના સંચાલકો દ્વારા આ પશુપાલકોની પરસેવાની મહેનતમાં ભ્રષ્ટાચાર આચરતા હોય છે.

## સલુણમાં જુગાર રમતા સાત શખસ ઝડપાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.19

નડિયાદ રૂરલ પોલીસના સલુણ ગામમાં દરોડા દરમિયાન જુગાર રમતાં સાત શખસ પકડાયાં હતાં. આ અંગે પૂછપરછ કરતાં તે દિલીપ રાવજી બારોટ (સલુણ), અયુબ જમાલ વ્હોરા (સલુણ), વીમલ વિષ્ણુ તળપદા (નડિયાદ), પ્રતાપ નટુ તળપદા (સલુણ), કાન્તી પરષોતમ મકવાણા (સલુણ), કીરીટ રમેશ (સલુણ), કમલ વિષ્ણુ વાઘેલા (સલુણ) હોવાનું જણાવ્યું હતું. આ મામલે નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225